જન્મદિને વધામણી

હિરેન ભટ્ટ
નાયબ માહિતી નિયામક, સહમંત્રી, ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૦ ૬૩૬૩૦



વિદ્યાબેન પટેલ
લાયોનેસ ક્લબ

આરવ મહેન્દ્રભાઈ રાઠોડ
મો. ૮૧૪૦૧ ૮૦૨૯૪

અનોખી દુષ્યંત દવે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.
- સંપાદક

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજના

પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને આવકારવા ‘‘પ્રારંભ’’ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની બી. પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન(બી.બી.એ)માં સતત ૨૦મી બેચમાં પ્રવેશ મેળવેલ તમામ વિદ્યાર્થીઓ માટે સ્વાગત કાર્યક્રમનું આયોજન થયું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીક જાણીતા કટાર લેખક તેમજ યુવાશક્તિ માટે પ્રેરક વક્તા મનોજ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, યુનિવર્સીટી તેમજ કોલેજનો તલસ્પર્શી પરિચય આપવામાં આવ્યો હતો તેમજ વિદ્યાર્થીઓને ત્રણ વર્ષમાં અનેક ક્ષેત્રે પ્રગતિ કરવા માટે ઉત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓને કોલેજની ગૌરવશીલ બાબતોને ધ્યાનમાં રાખી સફળ બનવા પ્રેરણા આપી હતી. ડો.જયેશ તન્ના દ્વારા કાર્યક્રમ ની આભાર વિધિ સાથે વિદ્યાર્થીઓને ઉદ્યોગ સાહસિકતા કેળવવા માટે ઈજન પૂરું પડતું વક્તવ્ય આપ્યું હતું. જ્વેલરી વર્કશોપ માં સહયોગી તજજ્ઞ મિત્તલ પટેલ, કલ્પેશભાઈ, અમર ચૌધરીનું આ પ્રસંગે સન્માન કર્યું હતું. કોલેજ તરફ થી ડો.નીરવ જોશી દ્વારા કાર્યક્રમનું સંચાલન કરવા માં આવ્યું હતું.

દ્વિતીય અને તૃતીય વર્ષનાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ તેમના પ્રથમ વર્ષનાં મિત્રોના સ્વાગત માટે પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. કોલેજમાં પ્રવેશ મેળવનાર નવા વિદ્યાર્થીઓએ પણ ધમાકેદાર રજુઆતો કરી હતી. પ્રથમ વર્ષના કુલ ૩૫ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જયારે દ્વિતીય અને તૃતીય વર્ષના ૨૦ વિદ્યાર્થીઓ તેમના નવા સાથી મિત્રોને આવકારવા સુંદર રજૂઆત કરી હતી. કાર્યક્રમના હાર્દ સમી મિસ્ટર પ્રારંભ તેમજ મિસ પ્રારંભની સ્પર્ધામાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. હેમલ ખત્રી તેમજ કુશલ બોરડને પ્રથમ વર્ષમાંથી મિસ પ્રારંભ તેમજ મીં પ્રારંભ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. કુલ ૫૦ રજુઆતો વિદ્યાર્થીઓ દ્વારા ગ્રુપમાં અથવા વ્યક્તિગત રીતે કરવામાં આવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે હાર્દિકા શુક્લ તેમજ પ્રો. રાકેશ ભટનાગર દ્વારા પ્રશંસનીય સેવા આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ, ડો. જયેશ તન્ના તેમજ ડો. નીરવ જોશી સહિતત કોલેજ પરિવાર દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

એસએસઆઈટી ખાતે એથિકલ હેકિંગ વિષયે તાલીમ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૭

શ્રી સ્વામીનારાયણ ઇન્સ્ટીટ્યુટ ઑફ ટેકનોલૉજી, ભાટના કમ્પ્યુટર ઍન્જિનીયરિંગ વિભાગ અને જેનેસિસ એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે સાયબર સિક્યુરિટી ઍન્ડ ઍથિકલ હૅકિંગ વિષયે શૉર્ટ ટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કમ્પ્યુટર ઍન્જિનીયરિંગના ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં નિષ્ણાત તરીકે જેનેસિસ આઈટી સૉલ્યુશન્સના ડિરેક્ટર રાજેન્દ્ર સી પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે આગામી સમયમાં સાયબર સિક્યુરિટીમાં ૧૦ લાખ નવી નોકરીઓનું સર્જન થશે એમ જણાવ્યું હતું.

આપણા દેશમાં દર ૧૦ મિનીટે એક સાયબર ક્રાઈમ નોંધાય છે, જેની સામે ભારત

પાસે માત્ર ૪૦ હજાર સાયબર ઍક્સપર્ટ છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

આ પ્રોગ્રામ અંતર્ગત હેકિંગ, સિસ્ટમ હેકિંગ, ઍટેક સિસ્ટમ, સિસ્ટમ હોલ્સ, બ્રેકિંગ એન્ક્રીપ્શન, ગૂગલ હેકિંગ, ઈમેલ હેકિંગ, સ્પુફિંગ, વાઈફાઈ ક્રેકિંગ, ટેસ્ટીંગ ઍન્ડ સિક્યુરિટી ઈમ્પ્લીમેન્ટેશન, ફોરેન્સિક ઈન્વેસ્ટીગેશન, સાયબર લૉ, સૉફ્ટવેર ક્રેકિંગ વિષયો પર તાલીમ આપવામાં આવી હતી.

કમ્પ્યુટર ઍન્જિનીયરિંગ વિભાગના વડા પ્રૉ. વિજય ગઢવીએ જણાવ્યું હતું કે આગામી સમયમાં સોશિયલ મીડિયા અને નેટવર્કિંગનો વધતો વ્યાપ સાયબર ક્રાઈમ અને હેકિંગને પ્રોત્સાહન આપશે. ઉપરાંત આપણો દેશજ્યારે આઈઓટી, ડિજીટલ ઈન્ડિયા, સ્માર્ટસિટી તરફ આગળ વધી રહ્યો છે તે જોતાં સાયબર સિક્યુરીટી ઍક્સપર્ટ માટે વિપુલ તકો રહેલી છે.

૨૧મી જુલાઈએ અમદાવાદમાં ‘યુગદ્રષ્ટા’ વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૧૭

ઓમ કોમ્યુનિકેશન દ્વારા સાહિત્યપ્રેમી મુકુંદ દવેના સહયોગથી તા. ૨૧ જુલાઈ ને શનિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે આત્મા હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સાહિત્યકાર ગિરીષ પંચાલના અધ્યક્ષસ્થાને ત્રીજા ભારતીય જ્ઞાનપીઠથી સન્માનિત સાહિત્યકાર ઉમાશંકર જેઠાલાલ જોશીના ૧૦૮મા જન્મદિન પ્રસંગે ‘યુગદ્રષ્ટા’ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે.

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરી વંદના કરશે. સર્જક ઉમાશંકર જોશીનાં સુપુત્રી સ્વાતિ જોશી, ઉમાશંકર જોશીના જીવન વિશે તેમજ ઉમાશંકર જોશીની કાવ્યસૃષ્ટિ વિશે સાહિત્યકાર સતીષ વ્યાસ વક્તવ્ય આપશે. સાહિત્યકાર શિરીષ પંચાલ અધ્યક્ષીય વક્તવ્ય સાથે ઉમાશંકર જોશીની વિવેચન સૃષ્ટિ વિશે વક્તવ્ય આપશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’ દ્વારા કરવામાં આવશે.

ભાષાપ્રેમી અને સાહિત્ય રસિક જનતા માટે આ કાર્યક્રમ માણવા કોઈ ફી રાખવામાં આવી નથી. ઉમાશંકર જોશીની સર્જનયાત્રાને માણવા સૌને સંસ્થા વતી ઈજન પાઠવવામાં આવ્યું છે.

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજમાં ‘સ્વાગતોત્સવ-૨૦૧૮’ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૭

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી, સંચાલિત સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કૉમર્સ કૉલેજ, હાઈવે કેમ્પસ ખાતે તાજેતરમાં બી.એ./બી.કોમ. સેમ-૧ ના વિદ્યાર્થીઓનો સ્વાગત-આવકાર કાર્યક્રમ પલ્લવીબેન શાહ (ચેરપર્સન, ચીનુભાઈ આર. શાહ ફાઉન્ડેશન, અમદાવાદ)ના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. શ્રી ઍમ પી શાહ ઍજ્યુકેશન સોસાયટીનાં સભ્ય બેલાબેન એન. શાહે દીપ પ્રાગટ્ય કરીને ‘સ્વાગતોત્સવ-૨૦૧૮’નો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે રમાબેન શાહ અને જ્યોતિબેન શાહ ઉપસ્થિત રહ્યાં હતાં. કોલેજના ભૂતપૂર્વ પ્રૉફેસર અને શ્રીનાથ જવેલર્સના માલિક જગદીશભાઈ પરીખે સર્વે વિદ્યાર્થીઓને આર્શીવચન પાઠવ્યા હતા.

આમંત્રિત મહેમાનો તથા સૌ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રિન્સિપાલ ડૉ. જી. ડી.ત્રિપાઠીએ આવકાર્યા હતા. બેલાબેન શાહે વિદ્યાર્થીઓને કોલેજમાં પ્રવેશ લેવા બદલ અભિનંદન આપીને સફળ કારકીર્દીની શુભેચ્છા પાઠવી હતી. કોલેજના ભૂતપૂર્વ પ્રૉફેસર જગદીશભાઈ પરીખે જીવન ઉપયોગી દૃષ્ટાંતો અને ઉદાહરણો આપીને સર્વે વિદ્યાર્થીઓને ઘણી શીખ આપી હતી. આ પ્રસંગે શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટીના મંત્રીશ્રી શેઠ નલીનભાઈ એમ. શાહ અને કારોબારી સભ્યએ ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનુ સંચાલન ડૉ. ચિરાગ ધંધુકિયા અને પ્રૉ. રવિ રંગવાણીએ કર્યું હતું. આભારદર્શન વાઈસ પ્રિન્સિપાલ પ્રૉ. આઈ. બી. પટેલે કર્યું હતું.

‘આદર્શ માટે જ મારે જીવવું ને મરવું છે’ : નેલ્સન મંડેલા

દક્ષિણ આફ્રિકાને વિદેશીઓની ગુલામીમાંથી મુકત કરાવનાર ને રંગભેદ નીતિની વિરૂધ્ધ સંઘર્ષ કરનાર નેલ્સન રોલિહ્લાલા મંડેલા જન્મ ૧૮ જુલાઈ, ૧૯૧૮ના રોજ દક્ષિણ આફ્રિકાના મ્વેઝો ગામમાં થયો હતો. ૧૯૬૨ થી ૧૯૮૯ સુધીનો પોતાના જીવનનો ૨૭ વર્ષ જેટલો સ્વર્ણિમ સમય દેશને માટે જેલમાં રહ્યા. આમ, ૪૪ વર્ષની ઉંમરે જેલમાં ગયા અને ૭૧ વર્ષની ઉંમરે બુઢાપામાં બહાર આવ્યા. જ્યારે તેઓ પ્રાથમિક શાળામાં ભણવા ગયા ત્યારે ત્યાંના શિક્ષકા મિસ મદિંગેએ તેમને ‘ખ્રિસ્તી’ નામો આપવાના રિવાજ પ્રમાણે ‘નેલ્સન’ નામ આપ્યું અને તે રીતે તેઓ નેલ્સન મંડેલા તરીકે ઓળખાયા. નાનપણથી જ તેમણે યુદ્ધ દરમિયાન દાખવવામાં આવેલી વડીલો અને પૂર્વજોની બહાદુરીની વાતો સાંભળેલી અને દેશના લોકોના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાનું યોગદાન આપવાનો સ્વપ્ન જોયેલું.



મંડેલાએ યુનિવર્સિટી કોલેજ ઓફ ફોર્ટ હરે ખાતે બેચલર ઓફ આર્ટ્સ ડિગ્રી માટે અભ્યાસ શરૂ કર્યો હતો, ત્યાં તેઓ વિદ્યાર્થી ચળવળમાં જોડાતા તેમને કોલેજમાંથી હાંકી કાઢતાં તેઓ ડિગ્રી પૂર્ણ કરી શક્યાં નહોતા. તેમણે દક્ષિણ આફ્રિકાના યુનિવર્સિટીમાંથી બી.એ. પાસ કર્યું. અને ૧૯૪૨થી તેમણે સક્રિય રીતે રાજકારણમાં ભાગ લેવાનું શરૂ કર્યું. ૧૯૪૪માં આફ્રિકન નેશનલ કૉંગ્રેસમાં જોડાયા હતા અને એએનસી યુથ લીગ (એએનસીવાયએલ)ની રચના કરી. ૧૯૫૨માં પ્રજાની છ અન્યાયી કાયદાઓ અને નાગરિક અસહકારની ચાલી રહેલ ઝુંબેશના મુખ્ય સ્વયંસેવક તરીકે પસંદગી પામ્યા.

આ ચળવળ એએનસી અને દક્ષિણ આફ્રિકન ભારતીય કૉંગ્રેસ દ્વારા સંયુક્ત રીતે ચલાવવામાં આવતી હતી. આ અભિયાનમાં ભાગ લેવા બદલ તેમને અને બીજા ઓગણીસ લોકોને બે વર્ષ સુધી સસ્પેન્ડ કરાયેલા અને નવ મહિનાની વધુ પડતા શ્રમની સજા ફટકારવામાં આવી હતી.

મંડેલાને કાયદાની પ્રેક્ટિસ કરવા તેમણે બે વર્ષનો ડિપ્લોમા કરી અને ઓગસ્ટ ૧૯૫૨માં તેમણે અને ઓલિવર ટમ્બોએ દક્ષિણ આફ્રિકાની પ્રથમ કાળા કાયદો કંપની ‘મંડેલા અને ટેમ્બો’ની સ્થાપના કરી.

ગાંધીજીમાંથી પ્રેરણા લઈ ગોરી હકુમતની રંગભેદની નીતિ અને અન્યાય સામે સંઘર્ષની આગેવાની લઈ અહિંસક લડતના મંડાણ કર્યાં. અંગ્રેજોએ સરઘસો ઉપર ગોળીબાર કરી સો જેટલા માણસોને મોતને ઘાટ ઉતાર્યા. મંડેલાએ આ નિર્દોષ લોકોના મોતનો બદલો લેવા અને અંગ્રેજોને સબક શિખવાડવા કામચલાઉ હિંસક રાહ અપનાવી સરકારની માલમિલકતો ઉપર બોમ્બ નાખેલા. આ કૃત્ય માટે સરકારે તેમને ગુનેગાર ઠેરવ્યા. ધરપકડના આદેશ કરવામાં આવ્યા. મંડેલા ધરપકડની બીકે ભૂગર્ભમાં ચાલ્યા ગયા પણ અંતે પકડાયા અને દેશદ્રોહનો આરોપ લગાડી તેમને મૃત્યુદંડની સજા કરવામાં આવી. તેમને રોબેન ટાપુ પરની જેલમાં રાખવામાં આવ્યા. ત્યાં જેલના કેદીઓને આપવામાં સગવડો અને ગોરા જેલરોના અશ્વેત કેદીઓ સાથેના વર્તન, રંગભેદની નીતિ અને તેમની ઉપર ગુજારવામાં આવતા જુલમો સામે મંડેલા ચૂપ ન બેસી રહેતાં તેનો વિરોધ કરી ગાંધી-રાહ અપનાવ્યો, ભૂખ હડતાળ પાડી અને આઠમા દિવસે તેમને પોતાની માંગણીઓ ગોરાઓ પાસે સ્વિકારાવી.

અહિંસા, રંગભેદની નીતિનો વિરોધ કરનાર અને રાજકારણી એવા મંડેલા ૧૯૯૪ થી ૧૯૯૯ સુધી દક્ષિણ આફ્રિકાના પ્રથમ કાળા પ્રમુખ બન્યા. વૈશ્વિક શાંતિના આ દૂતને ૧૯૯૩માં નોબલ શાંતિ પુરસ્કાર મળ્યો હતો.

રાજ્યની ૮૦થી વધુ સરકારી કૉલેજ હૉસ્ટેલમાં

વિદ્યાર્થીઓને મેરિટના આધારે ઑનલાઈન પ્રવેશ અપાશે

ગુજરાતમાં ડિગ્રી-ડિપ્લોમા એન્જિનિયરિંગમાં ઓનલાઈન પ્રવેશ બાદ હવે પહેલી વખત રાજ્યની અંદાજે ૮૦થી વધુ સરકારી હોસ્ટેલમાં પણ વિદ્યાર્થીઓને ઓનલાઈન - મેરિટના આધારે એડમિશન કમિટી દ્વારા જ પ્રવેશ ફાળવવાનો મહત્વનો નિર્ણય કરાયો છે. ચાલુ વર્ષથી જ આ નિર્ણયનો અમલ કરાશે. હોસ્ટેલમાં પ્રવેશ લેવા ઇચ્છતાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન સંમતિ આપવાની રહેશે. જેના આધારે પ્રવેશ સમિતિ દ્વારા જુલાઈ માસના અંત સુધીમાં મેરિટના આધારે વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે. રાજ્યની સરકારી-સ્વનિર્ભર ડિગ્રી અને ડિપ્લોમા એન્જિનિયરિંગ કોલેજોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રવેશ પ્રક્રિયાની સાથે સાથે હવે સરકારી હોસ્ટેલમાં પ્રવેશની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધી દરેક સરકારી કોલેજોની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવાની કામગીરી જે તે કોલેજના પ્રિન્સિપાલ દ્વારા કરાતી હતી. પરંતુ આ પ્રકારની કાર્યવાહીના કારણે અનેક પ્રશ્નો ઊભા થતા હતા. આ ઉપરાંત ખરેખર હોસ્ટેલમાં પ્રવેશની જરૂરિયાત ધરાવતાં વિદ્યાર્થીઓ પ્રવેશ વંચિત રહેતા હતા અને અન્ય લાગવગ ધરાવતાં કેટલાક વિદ્યાર્થીઓ યેનકેન પ્રકારે હોસ્ટેલમાં પ્રવેશ લઈ લેતાં હોવાની ફરિયાદો પણ બહાર આવી હતી. આ પ્રકારની ફરિયાદો નિવારવા માટે હવે ટેકનિકલ શિક્ષણ વિભાગ દ્વારા પ્રવેશ પ્રક્રિયાની સાથે સાથે જ ઓનલાઈન હોસ્ટેલ એડમિશન આપવાનું નક્કી કર્યું છે. જે વિદ્યાર્થીઓને ઓનલાઈન સિસ્ટમમાં પ્રવેશ ફાળવવામા આવે અને પ્રવેશ કન્ફર્મ કરાવે ત્યારે તેની સાથે જ વિદ્યાર્થી પોતે હોસ્ટેલમાં પ્રવેશ લેવા ઇચ્છે છે કે નહી તેની જાણકારી આપવાની રહેશે. આ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં વિદ્યાર્થીઓએ હોસ્ટેલમાં પ્રવેશ લેવા માટેની કન્સેન્ટ આપવાની રહેશે. જે વિદ્યાર્થીઓએ સંમતિ આપી હોય તેનુ અલગથી મેરિટ તૈયાર કરવામાં આવશે. આ મેરિટના આધારે પ્રવેશ સમિતિ દ્વારા જ વિદ્યાર્થીઓને ઓનલાઈન હોસ્ટેલની ફાળવણી કરી દેવાશે.

ડિપ્લોમા ઈજનેરી કોલેજ એટલે કે પોલિટેકનિકમાં ૩૧ વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલ છે. જયારે વિદ્યાર્થિનીઓ માટે અંદાજે ૧૮ સરકારી હોસ્ટેલ ઉપલબ્ધ છે. આજ રીતે ડિગ્રી ઈજનેરીમાં વિદ્યાર્થીઓ માટે ૧૮ હોસ્ટેલ અને વિદ્યાર્થિનીઓ માટે ૧૨ જેટલી હોસ્ટેલ ઉપલબ્ધ છે. આ તમામ હોસ્ટેલમાં જે તે કોલેજની મંજૂર થયેલી બેઠકોના ‘પ્રોરેટા’ પ્રમાણે વિવિધ બ્રાન્ચોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે. વિદ્યાર્થીઓએ ઓનલાઈન એડમિશનમાં લોગઈન થઈને સંમતિ આપવાની રહેશે. જેના આધારે જુલાઈ માસના અંત સુધીમાં દરેક વિદ્યાર્થીઓને મેરિટના આધારે હોસ્ટેલની ફાળવણી કરી દેવામાં આવશે.

સરકારી ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી કોલેજોની હોસ્ટેલમાં ઓનલાઈન પ્રવેશના કારણે મેરિટ ધરાવતાં વિદ્યાર્થીઓને ફાયદો થશે. પરંતુ ઘણી વખત હોસ્ટેલમાં પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી જાય ત્યારે કોલેજના પ્રિન્સીપાલ દ્વારા એક રૂમમાં ત્રણના બદલે ચાર વિદ્યાર્થીઓને સમાવીને હોસ્ટેલમાં પ્રવેશની સમસ્યા હલ કરાતી હતી. પરંતુ હવે ઓનલાઈન હોસ્ટેલ પ્રવેશના કારણે પ્રિન્સીપાલ ઈચ્છે તો પણ વધારે વિદ્યાર્થીઓને સમાવી શકશે નહી.

બહારગામથી અભ્યાસ માટે આવતાં વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પ્રવેશ માટે ભારે મુશ્કેલી નડતી હોય છે. ઓનલાઈન હોસ્ટેલ પ્રવેશના કારણે મેરિટમાં આવતાં અને હોસ્ટેલમાં પ્રવેશ ઈચ્છતાં તમામ વિદ્યાર્થીઓને લાભ મળી શકશે. ચાલુ વર્ષથી ઓનલાઈન હોસ્ટેલ એડમિશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ૨૯૪ જગ્યાઓ માટે ભરતીની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની કુલ ૨૯૪ જગ્યાઓ ભરવામાં આવશે. યુવાનો માટે સરકારી નોકરીની નવી તકો ખુલવા પામી છે. વર્ગ-૧માં નાયબ કલેકટરની ૫૦, ડીવાયએસપીની ૩, સહાયક રાજય વેરા કમિશનરની ૧૫, નાયબ નિયામક (વિકસતી જાતિ)ની ૧, નાયબ નિયામક (અનુ જાતિ કલ્યાણ)ની ૧, મદદનીશ કમિશનર આદિજાતિની પાંચ જગ્યા સહિત કુલ ૭૫નો સમાવેશ થાય છે. વર્ગ-૨માં મામલતદારની ૩૪, સેકશન અધિકારીની ૧૦, તાલુકા વિકાસ અધિકારીની ૩૨, રાજય વેરા અધિકારીની ૪૦, સરકારી શ્રમ અધિકારીની ૨૮, નગરપાલિકાના ચીફ ઓફિસરની ૩૧, જિલ્લા નિરીક્ષક-જમીન દફતરની ૧૩, અન્ન અને નાગરિક-પુરવઠાના મદદનીશ નિયામકની કુલ ૧૦, આદિજાતિ અધિકારીની ૧૭, સમાજ કલ્યાણ અધિકારીની ૧ થઈને ૨૧૯ જગ્યાઓ પણ ભરવામાં આવશે. આ જગ્યાઓ માટે ઉમેદવારોએ ૧૬ જુલાઈએ બપોરે ૧ વાગ્યાથી ૩૧ જુલાઈએ બપોરે ૧ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તે માટેની સ્પર્ધાત્મક પ્રિલિમિનરી પરીક્ષા ૨૧ ઓકટોબરે યોજાશે અને ડિસેમ્બરમાં પરિણામ જાહેર કરાશે. તે પછી તબક્કાવાર પરીક્ષાઓ યોજીને જુલાઈ-૨૦૧૯માં આખરી પરિણામ જાહેર કરાશે.

૪૭૭૫ વિદ્યાર્થીઓનાં ડોમિસાઈલ સર્ટિ.ની પુનઃ ચકાસણી કરવા ગુજ. હાઈકૉર્ટનો આદેશ

ગાંધીનગર, તા. ૧૭

બોગસ ડોમિસાઈલ મામલે થયેલી રિટમાં હાઈકોર્ટના જસ્ટિસ એસ.એચ. વોરાએ રાજય સરકારને ૪૭૭૫ વિદ્યાર્થીઓના ડોમિસાઈલ સર્ટિફિકેટની પુનઃ ચકાસણીનો આદેશ કરી વધુ સુનાવણી આગામી દિવસોમાં રાખી છે. સરકારે આ મામલે હાઈકોર્ટને આશ્વસ્ત કર્યા હતા કે, ડોમિસાઈલ સર્ટિફિકેટની ચકાસણી કર્યા વિના કોઈ પણ વિદ્યાર્થીને પ્રવેશ અપાશે નહીં. ૨૦મી જુલાઈ સુધી તમામ વિદ્યાર્થીઓની ફાઈનલ ડિટેઈલ્સ આવી જશે અને સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ત્યારબાદ હાઈકોર્ટે રાજય સરકારને સર્ટિફિકેટ્સની ચકાસણી માટેની પ્રક્રિયા પણ બતાવવા માટે કહ્યું છે.

આ મામલે રાજય સરકાર તરફથી મુખ્ય સરકારી વકીલ મનીષા લવકુમાર શાહે રજૂઆત કરી હતી કે, ‘સુરતમાં થયેલી ફરિયાદ મુજબ ૯૬ વિદ્યાર્થીના ડોમિસાઈલ સર્ટિફિકેટની તપાસ થઈ છે. જેમાંથી ૧૩ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવ્યો છે. પાંચ આવ્યા નથી અને સાતના વધારાના પુરાવા મંગાવવામાં આવ્યા છે. જ્યારે રાજસ્થાન અને ગુજરાત બંનેમાં ડોમિસાઈલ દર્શાવનાર ૨૦૬ વિદ્યાર્થીની પણ તપાસ થઈ છે. જે પૈકી માત્ર છ એ જ પ્રવેશ મેળવ્યો છે. તે પૈકી એક એનઆરઆઈ ક્વોટાનો છે. બાકી બે જેન્યુઈન અને ત્રણની તપાસ ચાલુ છે.’ તેમણે વધુમાં એવી રજૂઆત કરી હતી કે, ‘ગુજરાત અને મહારાષ્ટ્રના ડોમિસાઈલ ધરાવતાં વિદ્યાર્થીઓ ઓલ ઈન્ડિયા ક્વોટામાં આવે છે. તેમણે ગુજરાતના સ્ટેટ ક્વોટામાં પ્રવેશ માટેનો દાવો કર્યો નથી. જેથી તેમની તપાસનો મુદ્દો જ રહેતો નથી.’